ગાંધીનગર સમાચાર
તા. ૧૧-૯-૨૦૧૩, બુધવાર

## તંત્રી સ્થાનેથી.....


### ઉત્તરપ્રદેશ : રાષ્ટ્રપતિ શાસન લાદવા માટેનો ફિટ કેસ?

દેશના સૌથી મોટા રાજ્ય ઉત્તરપ્રદેશમાં અખિલેશ યાદવની સરકાર ધારી હતી એ કરતાં ઘણી વધારે નબળી પુરવાર થઈ છે. એના કાર્યકાળમાં સૌથી વધુવાર સાંપ્રદાયિક રમખાણો થયાં છે જે પૈકી છેલ્લે મુઝફ્ફરનગર અને શામલીમાં ફાટી નીકળેલાં તોફાનોએ આ સરકારની ઈજ્જતના ધજાગરા ઉડાડી દીધા છે. ખુદ ઉત્તરપ્રદેશના રાજ્યપાલે સરકાર નિષ્ફળ રહી હોવાનો રિપોર્ટ મોકલી આપ્યો છે અને માયાવતી, અજિતસિંહ તથા ભાજપ ઉપરાંત કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ નિર્મલ ખત્રીએ રાષ્ટ્રપતિ શાસનની માગણી કરી છે. દસ દિવસ સુધી કોમી હિંસા ભડાકાવનારી ઘટના સામે ઉપેક્ષા સેવનાર યુવાન મુખ્યમંત્રીએ છેલ્લે મોડે મોડે સક્રિય થઈ કડક હાથે કામ લેવાનું શરૂ કર્યું છે અને હિંસા મહદંશે કાબૂમાં પણ આવી છે છતાં બે સમુદાયો વચ્ચે જે ખાર ઊભો થયો છે તેથી ભારેલા અગ્નિ જેવી સ્થિતિ સરજાવા પામી છે. પડદા પાછળ અખિલેશના હાથમાંથી વહીવટનો દોર સંભાળી લઈ સમાજવાદી પાર્ટીના સુપ્રીમો મુલાયમસિંહ બગડેલી બાજી સુધારવાની છેલ્લામાં છેલ્લી કોશિશ કરી રહ્યા છે. મુલાયમસિંહ માટે ઉત્તરપ્રદેશમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે અત્યંત જરૂરી બાબત છે. ત્રીજો મોરચો રચી કોંગ્રેસ અને ભાજપની લડાઈમાં બે બિલાડીઓ વચ્ચે વાંદરાની જેમ સત્તાનો આખો રોટલો ખાઈ જવા માગતા મુલાયમસિંહ માટે ઉત્તરપ્રદેશ એ એમની મરણમૂડી છે. કોઈપણ ભોગે તેઓ ઉત્તરપ્રદેશમાંથી સપાનું શાસન હટવા નહીં જ દે એ વાત કોંગ્રેસ અને ભાજપ- બેઉ જાણે છે. વળી, એમને નબળા પાડીને પણ સાથે રાખવાની મેલી મુરાદ પણ આ બેઉ મોટા રાષ્ટ્રીય પક્ષો સેવતા હોય તે સ્વાભાવિક છે. મુઝફ્ફરનગરની કોમી હિંસા ભડકાવવામાં ભાજપને વિશેષ રસ છે કારણ કે એનો ડોળો ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી પર છે જેમાં દેશભરમાં સૌથી વધુ બેઠકો- એંશી- એકલા ઉત્તરપ્રદેશમાં આવેલી છે. અખિલેશને યુવા મુખ્યમંત્રી તરીકે રાજ્યનું સુકાન સોંપતાં મુલાયમસિંહ ખાસ્સા અચકાતા હતા પણ હવામાં ઊડતો કોંગ્રેસના યુવરાજ રાહુલ ગાંધી સામે સાયકલ રેલીઓ કાઢીને અખિલેશ એમના પ્રદેશમાં સ્થાનિક યુવા નેતા તરીકે ઊપસી આવ્યા હતા. મફત લૅપટૉપ જેવાં પ્રલોભનોથી એ ખાસ્સા લોકપ્રિય પણ બન્યા હતા અને માયાવતી સરકારના વિવાદાસ્પદ મંત્રીઓ, કૌભાંડો તથા પાર્ક અને પ્રતિમાઓ જેવા મુદ્દાઓ સામે એક તરવરિયા યુવાન તરીકે એમને ભારે જનસમર્થન સાંપડ્યું હતું. તેમ છતાં સુશાસનના મુદ્દે અખિલેશને અનેક સમાધાનો સ્વીકારવાં પડ્યાં, પોતાના કરતાં મોટી વયના અને મુલાયમસિંહના સમોવડિયા એવા સિનિયર મંત્રીઓને કાબૂમાં રાખવાનું કામ ઘણું અઘરું હતું. સપાના મુસ્લિમ ચહેરા ગણાતા આઝમખાનને વાત વાતમાં વાંકું પડતું રહ્યું છે અને શિવપાલસિંહ યાદવ હાથીની જેમ એમની પોતાની ગતમાં જ ચાલતાં રહ્યા છે. નેક ઈરાદા ધરાવતા યુવા મુખ્યમંત્રીની કામગીરીથી ખુદ મુલાયમસિંહ પણ અવારનવાર નારાજગી દર્શાવતા રહ્યા છે. ગૃહમંત્રી શિંદેએ રાજ્ય સરકારને ઘણી વહેલી ચેતવી હોવા છતાં અચાનક મુઝફ્ફરનગરમાં કોમી હિંસા ભડકવાથી સપા નેતાગીરી ઊંઘતી ઝડપાઈ છે. એક તરફ એને યેનકેન પ્રકારેણ મુસ્લિમ વૉટ બૅંક સાચવવી છે અને બીજી તરફ કોમી હિંસા ડામવી છે. આ બે અંતિમોના દબાણમાં બેઉ વાનાં બગડે એવી સ્થિતિનું નિર્માણ થવા પામ્યું છે. નિરંતર વધતો જતો મૃત્યુ આંક બત્રીસનો આંકડો વટાવી જતાં દહેશતભર્યો માહોલ સરજાયો છે. અખિલેશ યાદવે મુલાયમની સલાહથી ખાઈ બદેલા પોલીસ અધિકારીઓ અને પ્રશાસનિક અમલદારોને બદલી નાખ્યા છે કાં તો સસ્પેન્ડ કરી દીધા છે. રેપિડ ઍક્શન ફૉર્સ, પીએસી અને કેન્દ્ર સરકારે મોકલાવેલ સશસ્ત્ર દળો તેમજ આર્મીની મદદથી હિંસા કાબૂમાં લેવાનો પ્રયાસ કરાઈ રહ્યો છે છતાં પરિસ્થિતિ કાબૂમાં આવી છે એવું તો કરફ્યુ ઉઠાવી લીધા પછી જ કહી શકાય એમ છે. આવી પરિસ્થિતિમાં બળતામાં ઘી ન હોમે તો રાજકારણીઓ શાના? ભાજપના સ્થાનિક નેતાએ પંચાયત ન બોલાવી હોત અને એમાં કોમી હિંસા ભભૂકી ઊઠે એવાં ભડકાઉ ભાષણ ન કર્યા હોત તો પરિસ્થિતિ આટલી હદે ભાગ્યે જ વણસી હોત. અખિલેશ સરકારે ભાજપ ઉપરાંત કોંગ્રેસના નેતા પર પણ ઍફઆઈઆર નોંધેલ છે. સૈન્યે શહેર ઉપરાંત ગ્રામીણ વિસ્તારોમાં પણ ફ્લૅગ માર્ચ કરી છે. રમખાણોની તટસ્થ તપાસ માટે નિવૃત્ત હાઈકોર્ટ જજ વિષ્ણુ સહાયનું તપાસપંચ નિમાયું છે. કર્ફ્યુ વધુ અડતાલીસ કલાક લંબાવાયો છે અને બહારના નેતાઓ સહિત તમામના પ્રવેશ સામે બંધી ફરમાવાઈ છે જેથી બેઉ કોમો વચ્ચેની ઉશ્કેરણી અટકાવી શકાય. ખુદ કેન્દ્રીય મંત્રી અજિતસિંહને અને એમનાં સાંસદ પુત્ર જ્યંત ચૌધરીને પણ અટકાવાયા તે સૂચક છે. આ પંથક મૂળે ચૌધરી ચરણસિંહનું પ્રભાવ ક્ષેત્ર છે. અહીં છેલ્લાં ઘણાં વર્ષોથી અંગત ગણિતો બેઉ સંપ્રદાયો સંપથી રહેતા હતા. રાજકારણીઓ પોતાનાં અંગત ગણિતો મુજબ લોકોને લડાવી મારતા હોય છે. મુઝફ્ફરનગરની ઘટના પછી ઉત્તરપ્રદેશમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાની માગણી કરનારાં અજિતસિંહ, માયાવતી અને રાજનાથસિંહ જેવા ભાજપના નેતાઓ પણ સમજે છે કે કેન્દ્ર સરકાર ક્યારેય મુલાયમને નારાજ કરી શકે એમ નથી. મનમોહનસિંહે ફોન કરીને મુખ્યમંત્રી અખિલેશને શક્ય તે તમામ મદદની ઑફર કરી છે. બદલામાં હવે કોંગ્રેસ ભવિષ્યમાં ભાજપને સત્તાથી દૂર રાખવા માટે મુલાયમસિંહના ભરપૂર ટેકાની અપેક્ષા રાખે તે સ્વાભાવિક છે.

## ગાંધીનગરના કલાકાર ધ્રુવ પટેલ અભિનીત 'ટીનેજર્સ ગેંગ' ફિલ્મનો ખાસ શૉ યોજાયો

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરના ઉગતા કલાકાર ધ્રુવ પટેલ અભિનીત ગુજરાતી ફિલ્મ 'ટીનેજર્સ ગેંગ'નો ખાસ શૉ તાજેતરમાં સીટીપલ્સ સિનેમા ખાતે યોજવામાં આવ્યો હતો.



માત્ર ૧૪ વર્ષની વયે ગુજરાતી ફિલ્મ 'સ્નેહના સગપણ'થી મોટા પડદા પર પર્દાપણ કરનાર ધ્રુવ પટેલ ટીનેજર્સ ગેંગમાં એન્ટી હિરોની મજબુત ભૂમિકા અદા કરી રહ્યા છે. નવો ચીલો ચાતરતી આ ફિલ્મ અન્ય ગુજરાતી ફિલ્મોથી અલગ તરી આવે છે. ટ્રેજેડીકીંગ દિલીપકુમાર અને મિલેનીયમ સ્ટાર અમિતાભ બચ્ચનને આદર્શ માનતા ધ્રુવ પટેલ ગુજરાતી ફિલ્મ અભિનેતા હિતેનકુમારથી પણ પ્રભાવિત છે. સામાજીક કાર્યકર સીતારામભાઈ પટેલના પુત્ર ધ્રુવ પટેલ હાલમાં સીટી પલ્સ ખાતે ચાલતા અભિનયના કોર્સમાં બીએ કરી રહ્યા છે. આ ખાસ શૉ જોવા અને ધ્રુવને આશિર્વાદ આપવા ગાંધીનગરના અગ્રણી અરૂણભાઈ બુચ, ચેચનાબેન બુચ, જીલુભા ધાધલ, નિલેન્દુભાઈ વોરા, ભુપેન્દ્રભાઈ ગજ્જર, કિશોરભાઈ જીકાદરા, યુવરાજસિંહ વાઘેલા, સમાજના અગ્રણી તેમજ ગાંધીનગરના વસાહતીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



વત્સ... તે મને તો ઈકો ફ્રેન્ડલી બનાવ્યો... પરંતુ આ પ્રસાદનો મોદકનાં ઈન્ગ્રેડીયન્ટ... હેલ્થ ફ્રેન્ડલી છે કે નહીં તે જણાવ...!!

## વિજ્ઞાન - ગણિત પ્રદર્શનમાં સી.એમ. હાઈસ્કુલની ૪ કૃતિઓ

ગાંધીનગર, તા. ૧૦

સ્કુલ ફૉર એક્સલન્સ પેથાપુર ખાતે એસ.વી.કક્ષાના ગણિત- વિજ્ઞાન પ્રદર્શન ૨૦૧૩ યોજાયું હતું. શેઠ સી.એમ.હાઈસ્કુલ એન્ડ હાયર સેકન્ડરી સ્કુલના માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક વિભાગમાં ચાર વિભાગોમાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

ખેતી વિભાગમાં ટ્રેનવડે સેન્ટ્રીય ખાતરની બનાવટ અને પર્યાવરણની જાળવણી પટેલ જય, પટેલ મીતે ભાગ લીધો હતો. માર્ગદર્શક શિક્ષક દિલીપભાઈ ચૌધરી હતા.

પર્યાવરણ વિભાગમાં ઉદસ પૃથ્વી અને સ્વસ્થ પૃથ્વી કૃતિમાં ગદાણી સ્પર્શ પી, પ્રજાપતિ જીજ્ઞેશ ભાગ લીધો હતો. સંજયભાઈ પટેલ માગદર્શન શિક્ષક તરીકે હતા. આરોગ્ય વિભાગમાં થેલેસેનિયા વિભાગમાં પટેલ મિલવ જે. વાઘેલા, જયસિંહે ભાગ લીધો હતો. માર્ગદર્શક શિક્ષિક તરીકે સરોજબેન પ્રજાપતિ હતા.

ઊર્જા વિભાગમાં હિગ્સ બોલોન કણ પ્રજાપતિ હર્ષવર્ધન, મનસુરી મોહિને ભાગ લીધો હતો. જે.બી. પટેલે માર્ગદર્શન આપ્યું હતું.

## પી. કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ ખો-ખો સ્પર્ધામાં રનર્સ અપ

ગાંધીનગર, તા. ૯

ગુજરાત યુનિવર્સિટી સાઉથઝોન ઈન્ટર કોલેજ ખો-ખો સ્પર્ધા બહેનોની તા. ૫ સપ્ટેમ્બરના રોજ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ હાલોલના યજમાન પદે યોજાઈ હતી. આ સ્પર્ધામાં વિવિધ કોલેજની બહેનોની ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજની બહેનોની ટીમે સુંદર દેખાવ કર્યો હતો અને ફાઈનલ સુધી પહોંચીને રનર્સઅપ બન્યા છે.

શહેરની પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજની ખો-ખો મહિલા ટીમ સાઉથ ઝોન ઈન્ટરકોલેજ સ્પર્ધામાં રનર્સ અપ બન્યા છે. આ ટીમમાં કેપ્ટન કૈલાસ એમ. ધોરીયા, કિરણમાલા, આર.બારીયા, સીતા વી. ચારેલ, વર્ષા આર. ચૌધરી, સીતા બી. ચૌધરી, વર્ષા એમ. ચૌધરી, મંજુલા એમ. ચૌધરી, દક્ષા એમ. પંચાલ, રમીલા બી. શાહુ, નર્મદા એસ. ચૌધરી, મંજુ કે. ડેકલીયા અને ભાવના આર. ચૌધરી સહિતના ખેલાડીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. કોલેજના શારીરિક શિક્ષણના પ્રોફેસર વિનોદભાઈ આર. ચૌધરીએ સમગ્ર ટીમને સતત માર્ગદર્શન અને કોચીંગ આપીને તૈયાર કરી હતી. સમગ્ર વિજેતા ટીમને કોલેજના પ્રિન્સિપાલ ડૉ. ઉર્મીલાબેન સી. ચૌધરી અને કોલેજ પરિવારે અભિનંદન સહ શુભેચ્છા પાઠવી હતી.

## ચૌધરી મહિલા કોલેજની ૧૨૪ વિદ્યાર્થિનીઓ દ્વારા સ્વીપ કાર્યક્રમમાં મહત્વનો ફાળો

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરની પી.કે. ચૌધરી મહિલા કોલેજની વિદ્યાર્થિનીઓએ ગાંધીનગર ટાઉનહોલ ખાતે આયોજીત સ્વીપ કાર્યક્રમમાં મહત્વનો ફાળો આપતા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર ગાંધીનગર દ્વારા તેમનો આભાર માનવામાં આવ્યો હતો. ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર દ્વારા આયોજીત સ્વીપ કાર્યક્રમ જે ગત તારીખ ૭ સપ્ટેમ્બરના રોજ ઉજવવામાં આવ્યો હતો. તેમાં કોલેજની ૧૨૪ વિદ્યાર્થિનીઓએ મહત્વનો ફાળો આપ્યો હતો. જેમાં ચૂંટણી તંત્ર દ્વારા મતદાન યાદીને લગતી વિગતો તથા મતદાન કરવા અંગેની સમજુતી આપવામાં આવી હતી. જેમાં કોલેજના ઈલેક્શન યુનિટના ડેઝિગ્નેટેડ ઓફિસર પ્રા. વાઘેલા, હેમાંગીની એસ. તથા એન.એસ.એસ.ના કો. ઓર્ડિનેટર પટેલ નરેન્દ્રભાઈ કે. ફરજ પર હાજર રહ્યા હતા. આ સંપૂર્ણ કાર્યક્રમને સફળ બનાવવામાં કોલેજના આચાર્યા ડૉ. ઉર્મિલાબેન ચૌધરી તેમજ ટ્રસ્ટીમંડળનો સાથ સહકાર અને પ્રોત્સાહન મળી રહ્યું હતું.

## સૌરાષ્ટ્ર લુહાર સુથાર મંડળ દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન કરાયું

ગાંધીનગર, તા. ૧૦

સૌરાષ્ટ્ર લુહાર સુથાર મંડળ, ગાંધીનગર દ્વારા વર્ષ-૨૦૧૨-૧૩ દરમ્યાન શૈક્ષણિક ક્ષેત્રે ઉચ્ચ સિદ્ધિ હાંસલ કરનાર જ્ઞાતિના તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનીત કરવાનો કાર્યક્રમ ગત તારીખ ૮મી સપ્ટેમ્બર-૨૦૧૩ના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ, સેકટર-૧૨ ગાંધીનગર ખાતે યોજાયો હતો.

કાર્યક્રમની શરૂઆતમાં જ્ઞાતિના બાળકોએ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કર્યો હતો. આ પ્રસંગે રમતગમત ક્ષેત્ર અર્જુન એવોર્ડ વિજેતા જ્ઞાતિના કુ. પારૂલ પરમારનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું તથા જ્ઞાતિના વિદ્યાર્થીઓને મેડલ તથા ઈનામ આપી સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ ૨૦૧૩ની સમાજની નવી ડીરેક્ટરીનું પણ વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ દ્વારા ખાસ હાજરી આપવામાં આવી હતી. તેમજ અન્ય આગેવાનોમાં વિશ્વકર્મા પંચાલ સમાજ, સૌરાષ્ટ્ર ગુર્જર સુથાર જ્ઞાતિ મંડળ તેમજ વિશ્વકર્મા સેવા સમાજના પ્રમુખ મંત્રીઓએ હાજરી આપી હતી. તેમજ કાર્યક્રમ માટે ખાસ હિંમતનગરથી મહેન્દ્રભાઈ ડોડીયા તેમજ નાયબ સચિવ પિનાકીનભાઈ સુથાર તથા જ્ઞાતિના અન્ય અગ્રણી મહાનુભાવોએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી અભિનંદન પાઠવ્યા હતા.

## જે.બી. પ્રાથમિક શાળાનો શિક્ષક દિન ઉજવાયો

ગાંધીનગર, તા. ૧૦

કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત જે.બી. પ્રાથમિક શાળામાં શિક્ષક દિનની ઉજવણી ભવ્ય રીતે કરવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના ૧૩૩ વિદ્યાર્થીઓને આચાર્ય, ઉપાચાર્ય, શિક્ષકો, કારકુન અને સેવક તરીકેની કામગીરી સોંપવામાં આવી હતી. આ કામગીરી સફળ રીતે પૂરી કરનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અને પ્રોત્સાહન ઈનામ મંડળના ચેરમેન વલ્લભભાઈ પટેલના હસ્તે એનાયત કરવામાં આવ્યા હતાં.

ભારતના સર્વપ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાક્રિષ્નની સ્મૃતિમાં ભારતભરમાં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવે છે. શિક્ષક દિનની ઉજવણી વધુ સારી રીતે ઉજવવા માટે જે.બી. પટેલ પ્રાથમિક, એમ.બી.પટેલ પ્રાથમિક શાળા, એસ.જી. ઈંગ્લીશ મિડિયમ પ્રાથમિક શાળા તથા આર.એન. પટેલ પ્રાથમિક શાળાનો સંયુકત રીતે શિક્ષક દિનનું આયોજન કરવામાં આવ્યું હતું. કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન વલ્લભભાઈ પટેલના હસ્તે ચારેય શાળાના શ્રેષ્ઠ આચાર્ય, શિક્ષકો અને સાંસ્કૃતિક કાર્યક્રમ આપનારા બાળ કલાકારોને પણ પ્રમાણપત્ર અને પોત્સાહન ઈનામ એનાયત કરવામાં આવ્યા હતા. જેમાં શ્રેષ્ઠ આચાર્ય કરીકે ચારેય શાળાના આચાર્યો આયુષ પટેલ, શર્મીન કુરેશી, મેઘા દવે, કોમલ શર્મા જયારે શ્રેષ્ઠ શિક્ષકો તરીકે પ્રજાપતિ કુંજલ, ઓઝા શ્રેયા, ચાવડા જાહન્વી, ગજ્જર હેમાંગી, શ્રુતિ સમીરા, માનવ પટેલ તથા સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર પરમાર મંદિત, હેતવી પટેલ, લુહાર ચિંતન, ઓમ શુકલને પ્રમાણપત્ર તથા પુરસ્કાર વલ્લભભાઈના હસ્તે એનાયત કરવામાં આવ્યા હતાં.

અધ્યક્ષ વલ્લભભાઈ પટેલે સર્વે બનેલા આચાર્ય, શિક્ષકો તથા વિદ્યાર્થીઓને ભવિષ્યમાં ખૂબ જ સારા નાગરિક બને તેવા આર્શીવચન આપ્યા હતાં. આ પ્રસંગે સુપર વાઈઝર મૌલિન જોષીએ સૌનો આભાર વ્યકત કર્યો હતો.

## તહેવારો અને પર્વોમાં ભક્તિનું ઘોડાપુર ઉમટે છે પણ પછી તો માનવ એનો એ જ

**સમાજ ચિંતન**
**- પોપટલાલ પ્રજાપતિ**

ભાદરવાના પ્રારંભથી ગુજરાતના રાજમાર્ગો પર અને ગામડે ગામડે ભક્તિના ઘોડાપુર ઉમટે છે સર્વત્ર જય અંબેના જય ઘોષથી વાતાવરણ ભક્તિમય બને છે. પગપાળા ચાલતા ભાવિકો હાથમાં ધજા લઇને તો કોઇ માના રથમાં જગદંબાની પધરામણી કરી ભજનોની રમઝટ બોલાવવા બસ ચાલ્યા જ કરે છે. તેમાં એક વર્ષના બાળકથી માંડી ૮૦ વર્ષના વૃદ્ધો પણ હોય છે. નાના બાળકોને લાકડાના ડંડા અને ધોતી કે સાડી બાંધી કામચલાઉ ઘોડિયું બનાવી તેમાં સુવડાવી ભક્તિના હાલરડાં ગાતા ગાતા સૌ નિજમસ્તીમાં ચાલ્યા કરે છે. કયારેક કુમળા બાળકોને આ સંઘમાં ઘસડાઇને ચાલતા જોઇ બાળક પ્રત્યે કરૂણા જાગે પણ શ્રદ્ધા અને ભક્તિ આગળ કોઇનો તર્ક ચાલતો નથી.

એકાદ કે બે કિલોમીટરના અંતરે સેવાકેન્દ્રો છેક અંબાજી સુધી કાર્યરત હોય છે. તેમાં મિષ્ઠાન સાથે જમવાની કે નાસ્તાની પણ વ્યવસ્થા હોય છે, ચાલતા ચાલતા થાક લાગે તો પગચંપી કરી આપનાર કે માલિશ કરનારા સેવકો પણ હાજર હોય છે. સર્વત્ર એવો માહોલ સર્જાય છે કે જગતમાં દુ:ખ, દર્દ, ઇર્ષ્યા, રાગદ્વેષ કે વેરઝેર નામશેષ થઇ ગયા છે. લોકો પાગલ બની બસ દોડ્યા કરે છે. કોઇ આને શ્રદ્ધા કહે છે તો કોઇ ચોખલિયા આને અંધશ્રદ્ધા કહી ટીકા પણ કરે છે. પણ એક વાત નક્કી છે કે આ દેશની જનતામાં શ્રદ્ધા અને ભક્તિ એટલા વણાયેલા છે કે લોકો ભાન ભુલી શ્રદ્ધાના નામ પર સ્વેચ્છાએ લુંટાય છે. ધુતારા અને ઢોંગી તત્ત્વો એમનો દુરૂપયોગ કરી લે છે. ફક્ત ભાદરવી પુનમ જ કેમ, પછી આવતી નવરાત્રીની ઝાકમઝોળ અને ગરબાની રમઝટમાં યૌવન મન મુકીને ઝૂમે છે. સળંગ નવ દિવસ, કયાંક કોઇનાં પગ થાકતા નથી કોઇને ઉજાગરા નડતા નથી. નવરાત્રિમાં રૂપાલ ખાતે યોજાતી પલ્લીમાં તો લોકો હજારો મણ ઘી માતાજીના નામે ચઢાવે છે. આખા રસ્તે ઘીની રેલમછેલ થાય છે. આ ઘીનો સદુપયોગ કરવા કેટલાકે પ્રયોગો કર્યા પણ શ્રદ્ધાના ઝંઝાવાત સામે સૌના હાથ હેઠા પડે છે. જયાં જયાં ભક્તિનો નાદ ગુંજે છે ત્યાં માનવ મહેરામણ ઉમટે છે. દેશમાં કોઇ મંદિરો ખંડેર નથી કે કયાંક આર્થિક ખેંચ વર્તાતી નથી. કેટલાક ધર્મસ્થાનોમાં તો રૂપિયા ત્રાજવે તોલાય છે. પણ ખેર, ધાર્મિકતા ને વૈજ્ઞાનિતા સાથે ટકી શકતા નથી.

ભક્તિ અને શ્રદ્ધાના મહાપ્રવાહને જોતા પરદેશીઓ સ્વાભાવિક રીતે એવું અનુમાન કરી બેસે કે આ દેશમાં નીતિમત્તાનું ધોવાણ કેટલું ઊંચું હશે? અહીં માનવતા વચ્ચે કેવી હોડ જામતી હશે? અહીંના માનવીમાં કેટલી બધી દયા, મમતા અને કરૂણાના ભાવ હશે? અહીં પ્રમાણિકતા કેટલી બધી છલકાતી હશે? કારણ કે ધર્મ કદી અનર્થ કરવાનું શીખવતો નથી. અહીં તો ધર્મના માર્ગે વાલિયા પણ વાલ્મિકી બન્યા છે. પણ કયાંક સમાચારપત્રોમાં હેડલાઇન ચમકી જાય છે કે જેના દર્શન માટે કરોડો, લાખોની કતારો લાગે છે તે મંદિરમાં માતાજીના દાગીના ચોરવા તસ્કરોએ ધાડ પાડી. જયાં ધર્મના મેળાવવા થાય છે ત્યાં કોઇનાં ખિસ્સા કપાય છે તો કોઇકના માલસામાન ચોરાય છે. જે સંતોના ચરણોમાં લોકો ભક્તિભાવથી મસ્તક ઝુંકાવે છે. તે સંત તો કોઇનું ખૂન કરી ફરાર થઇ ગયા છે. ધર્મની મર્યાદા રાખી બીજી વાતો નથી કરવી પણ આવા પવિત્ર સ્થળે જતાં શ્રદ્ધાળુઓની શ્રદ્ધા ડગી જાય તેવું ઘણું બધું બને છે. અરે આ દેશમાં કુલ વસ્તીનાં ૧/૪ ભાગના તો દેવતાઓ છે. ઉપરાંત સંતો, મહંતો, અવતારોની પણ કો કમી નથી. ગમે તેટલાં પાપ કરો પણ તમને સ્વર્ગનો પરવાનો લાવી આપનાર સિદ્ધ પુરૂષો અહીં મળી રહે છે. પાપ કરીને પણ પુણ્યનો રસ્તો બતાડવનારાઓની અહિં કમી નથી. ધ્યાનયોગ, વશીકરણ, તંત્રમંત્ર, જાદુટોના વાળા તાંત્રિકો એક માગતા હજારો મળે છે. નાળિયેરીમાંથી ચુંદડી કાઢી આપનારા ભુવાઓ કે સળગતાં અગ્નિકુંડમાં પડતા ભુવાઓથી ગામડા ઉપરાય છે છતાં કમી કયાં છે આપણી શ્રદ્ધામાં કે ધર્મની ઓથે અધર્મ પણ એટલો જ ફુલ્યો ફાલ્યો છે જે દેશો ધર્મ પાછળ પાગલ નથી, જયાં ધર્માચાર્યોની કોઇ ધાક નથી તેમના શાસ્ત્રો કે ગુરૂઓ પ્રમાણિકતા કે નીતિમત્તાના પાઠ ભણાવતા નથી, જેમને આપણે નાસ્તિક કહીએ છીએ આ લોકો જાહેર રસ્તા પર ગમે ત્યાં થુંકતા નથી, તેઓ જાહેરમાં ગમે ત્યાં પેશાબ કરતા નથી, ગમે ત્યાં કચરો ફેંકતા નથી, લોકોના આરોગ્ય સાથે ચેડા કરતી દવાઓ અહિં વેચાતી નથી. 'વેચેલો માલ પાછો લેવાશે નહિ'ની સૂચનાઓ કોઇ પેકીંગ પર જોવા મળતી નથી અને છતાં બધુ નિયમિત ચાલે છે. આપણા ધર્મમાં આડંબર વધુ હોય છે.

મંદિરમાં કે ધર્માલયોમાં ઉભરાતા કરોડો ભાવિકો એક જ સંકલ્પ કરે કે સમાજના અનિષ્ઠો સામે કયાંક પ્રત્યક્ષ કે પરોક્ષ સહકાર નહિ આપીએ. કેવળ ધર્મનો આડંબર છોડી ધર્મના માર્ગે ચાલવાનો નિર્ધાર કરીએ અને કરોડો ભાવિકો મા જગદંબાને પ્રાર્થના કરે કે મા, હવે દુરાચારીઓ સામે લાલ આંખ કરવાનો સમય પાકી ગયો છે તો લાખો - કરોડોના હૃદયની વેદના સાંભળ્યા વગર મા રહે જ નહિ, આ વર્ષે આપણે આવો સંકલ્પ કરીએ તો જગત કેવું જીવવા જેવું લાગે?

સમસ્યા એ છે કે આપણે ધાર્મિક નથી પણ ઇશ્વરથી ડરીને ચાલીયે છીએ. ઇશ્વરનો ડર આપણને ધાર્મિક પ્રવૃત્તિ તરફ દોરી જાય છે પરિણામ એ આવ્યું છે કે પરમાત્મામાં આપણી શ્રદ્ધા વધી છે પણ પરમાત્માનો માનવજાત પરથી ભરોસો ઉઠી ગયો છે. પરમાત્મા હવે તો માનવભીડથી અકળાયો છે. તેના નામે ચાલતી લુંટથી તે બેબાકળો બન્યો છે. હવે તો માનવીઓ ખુદ ભગવાન બનવા લાગ્યા છે. પરિણામે સાચો ભગવાન ખોવાયો છે એટલે જ તેને શોધવાની આ બધી આંધળી દોટ છે, બાકી પરમાત્મા તો દયાળું છે તેને આપણે બંધ આંખે નહિ ખુલ્લી આંખે જોવા પ્રયત્ન કરીએ. મા જગદંબા અને ગણેશજીની સૌના પણ કૃપા વરસો...

## ભગવાન શ્રીગણેશનો મહોદર નામે વિખ્યાત અવતાર જ્ઞાન-બ્રહ્મનો પ્રકાશક છે

**પ્રસંગસર**
**- માયા ભાનુપ્રસાદ દવે**

મહોદર
મહોદર ઈતિ ખ્યાતો જ્ઞાનબ્રહ્મપ્રકાશક: ।
મોહાસુરસ્ય શત્રુર્વૈ આખુવાહનગ: સ્મૃતિ: ॥

ભગવાન શ્રીગણેશનો મહોદર નામે વિખ્યાત અવતાર જ્ઞાન-બ્રહ્મનો પ્રકાશક છે. મોહાસુરના તેઓ વિનાશક છે તથા તેમનું વાહન મૂષક બતાવવામાં આવ્યું છે.

દૈત્યગુરૂ શુક્રાચાર્યના એક શિષ્યનું નામ મોહાસુર હતું. તેમના આદેશથી મોહાસુરે ભગવાન સૂર્યની આરાધના કરી. તેના કઠોર તપથી ભગવાન સૂર્ય પ્રસન્ન થઈ ગયા. તેમણે મોહાસુરને સર્વત્ર વિજયી થવાનું વરદાન આપ્યું.



વરથી સંતુષ્ટ થઈને અસુર પોતાના સ્થાને પરત ફર્યો. શુક્રાચાર્યે તેનો દૈત્યરાજના પદે અભિષેક કર્યો. ત્યારબાદ પોતાના પ્રબળ પરાક્રમથી તેણે ત્રણેય લોકો પર અધિકાર સ્થાપી દીધો. દેવો અને મુનિઓ પર્વતો અને જંગલમાં છુપાઈ ગયા. ચારેકોરથી નિશ્ચિંત થઈને મોહાસુર પોતાની પત્ની મદિરા સાથે સુખપૂર્વક જીવન વ્યતીત કરવા લાગ્યો.

વર્ણાશ્રમ-ધર્મ, સત્કર્મ, યજ્ઞ, તપ વગેરે બધું નષ્ટ થઈ ગયું. દુ:ખી દેવો ઋષિઓ સાથે ભગવાન સૂર્ય પાસે ગયા તથા આ ભયાનક વિપત્તિઓમાંથી મુક્તિનો ઉપાય પુછયો. ભગવાન સૂર્યે તેમને એકાક્ષર મંત્ર આપીને ભગવાન ગણેશને પ્રસન્ન કરવાની પ્રેરણા આપી. દેવો અને મુનિજનો શ્રદ્ધા ભક્તિપૂર્વક ભગવાન મહોદરની ઉપાસના કરવા લાગ્યા. તેમની તપસ્યાથી સંતુષ્ટ થઈને ભગવાન મહોદર પ્રગટ થયા. દેવતાઓ અને મુનિઓએ અત્યંત આર્ત થઈને મહોદરની સ્તુતિ કરી. ભગવાન મહોદરે કહ્યું કે હું મોહાસુરનો વધ કરીશ. તમે લોકો નિશ્ચિંત થઈ જાઓ.

આમ કહીને મૂષક પર સવાર થઈ ભગવાન મહોદર મોહાસુર સાથે યુદ્ધ કરવા માટે ચાલી નીકળ્યા. આ સમાચાર દેવર્ષિ નારદે મોહાસુરને આપ્યા તથા અનંત પરાક્રમી સમર્થ મહોદરનું સ્વરૂપ પણ તેણે સમજાવ્યું. દૈત્યગુરૂ શુક્રાચાર્યે પણ તેને ભગવાન મહોદરનું શરણું લેવાની શુભ સલાહ આપી. તે જ વખતે ભગવાન વિષ્ણુ ભગવાન મહોદરનાં દૂત બનીને મોહાસુરની પાસે ગયા. તેમણે મોહાસુરને કહ્યું, 'તમારે અનંતશક્તિ સંપન્ન ભગવાન મહોદર સાથે મિત્રતા કરી લેવી જોઈએ. તેમાં જ તમારૂં કલ્યાણ છે. જો તમે મહોદરની શરણ ગ્રહણ કરી દેવતાઓ, મુનિઓ તથા બ્રાહ્મણોને ધર્મપૂર્વક જીવન વિતાવવામાં વ્યવધાન ઉત્પન્ન ન કરવાનું વચન આપો તો દયામય પ્રભુ તમને ક્ષમા કરી દેશે. જો તમે આવું નહીં કરો તો રણભૂમિમાં તમારૂં બચવું અસંભવ છે.'

મોહાસુરનો અહંકાર નષ્ટ થઈ ગયો. તેણે ભગવાન વિષ્ણુને નિવેદન કર્યું કે આપ પરમ પ્રભુ ભગવાન મહોદરને મારા નગરમાં લાવીને મને એમનાં દુર્લભ દર્શનનો અવસર પ્રદાન કરો.

ભગવાન મહોદરે મોહાસુરના નગરમાં પદાર્પણ કર્યું. મોહાસુરે તેમનું અભૂતપૂર્વ સ્વાગત કર્યું. દૈત્ય યુવતીઓએ પુષ્પવર્ષા કરી. મોહાસુરે ભગવાન મહોદરની શ્રદ્ધા-ભક્તિપૂર્વક પૂજા કરી. ગદ્ગદ કંઠે સ્તુતિ કરતાં તેણે કહ્યું કે, 'પ્રભો! અજ્ઞાનવશ જે અપરાધ મારાથી થયા હોય તે માટે મને ક્ષમા આપો. હું આપના પ્રત્યેક આદેશનું પાલન કરવાનું વાચન આપું છું. હવે હું દેવતાઓ અને મુનિઓ પાસે ભૂલથીય નહિં જઉં. તેમના કોઈ પણ જાતના ધર્માચરણમાં વિઘ્ન ઉત્પન્ન કરીશ નહીં.'

સહજ કૃપાળુ ભગવાન મહોદર મોહાસુરની દીનતા પર પ્રસન્ન થઈ ગયા. તેને પોતાની ભક્તિ પ્રદાન કરી. મોહાસુરનાં શાંત બનવાથી દેવો, ઋષિઓ, બ્રાહ્મણો તથા ધર્મ પરાયણ સ્ત્રી-પુરૂષો - સર્વે સુખી થઈ ગયા. દેવો અને મુનિ મહાપ્રભુ મહોદરની સ્તુતિ અને જયજયકાર કરવા લાગ્યા.